રચાવી જાળ સરકાર બચાવી દીધી છે,
પચાવી લીધી સરકાર, નચાવી લીધી છે,
લલચાવી લીધી મુલાયમ આંગળી આપી -
ટેકો આપીને હલચલ મચાવી દીધી છે..
(સોગઠીબાજ સપા)

દીન-દુ:ખીનાં,
- પેટના ખાડાનું શું?!
મત-ચિંતકો !
(ખાડાને ભૂવા ભરવાની ચિંતા)

લોકશાહીનું
થાય વસ્ત્રાહરણ -
દુ:શાસનમાં..
(દુર્યોધન કૌભાંડ સભા)

ચિંતન

ઇયં પ્રીતિર્વલ્લી હૃદયભુવિ દૈવાત્સમુદિતા, તથા યત્નાદંક્ષ્યા પ્રકૃતિ મૃદુલાપાય બહુલા ।
યથા નૈનાં સ્ફીતાં પિશુનજન દુર્વાક્ય દહનો દહત્યન્તઃ શેષં વ્રજતિ ન પુનઃ સૌહૃદનિધેઃ ॥

આ પ્રીતિ રૂપી વેલ, દૈવ કૃપાથી હૃદયભૂમિ ઉપર ઊગી છે, પ્રકૃતિથી જ એ મૃદુ છે, અને તેના પર વિઘ્નો અને હાનિઓ પણ ઘણી રહેલી છે, આવાં જોખમોમાંથી પસાર થઇને વેલ મોટી થઇ હોય તેને દ્વેષી ચાડિયાઓ દુષ્ટ વચનો રૂપ અગ્નિથી બાળી ન નાંખે અથવા સૌહાર્દ-મૈત્રી (પ્રેમ-સંબંધ) રૂપી નિધિની અંદરને અંદર જ શંકાને કારણે સુકાઇ ન જાય તે માટે પ્રયત્નપૂર્વક રક્ષણ કરવું જોઇએ.

આજના યુગમાં-કુટુંબ-પરિવાર કે સમાજમાં એકતા-પ્રેમ-મિઠાસના સંબંધો હોય તે દ્વેષી-ઇર્ષાળુ-ચાડિયા જેવા લોકો વિના કારણ પણ ગમતું નથી અને લોકોમાં કેમ કંકાસ-ઝઘડા-ફાટફૂટ થાય એવાં કારણો શોધી જે પ્રેમ-લાગણી સંબંધો હોય એમાં ફાચર મારવાના પ્રયાસ કર્યા કરતા જ હોય છે. આવા માણસો જાતે નકારાત્મક વિચારશ્રેણી ધરાવતા હોય છે.

આવા મંથરા ટાઇપ માણસો કોઇ પણ જગ્યાએ પ્રેમ-લાગણી-વાત્સલ્ય જોઇને ખૂશ નથી થતા પણ દાઝે છે, 'પ્રેમીઓ'માં આજે કુટુંબની મર્યાદાના નામે 'મર્સી કિલીંગ' હાલી નિકળ્યું છે. આજનાં આવા કલુષિત કલયુગી વાતાવરણમાં સ્નેહ-પ્રેમ-સાચવવો મુશ્કેલ છે.

સુવિચાર

- સંતોષ જ આનંદનું મૂળ છે - મનુ
- સત્ય યશનું મૂળ છે, વિશ્વાસનો આધાર છે સ્વર્ગનું 'દ્વાર' છે, અને સિદ્ધિનું સોપાન છે - અનામી
- સૂર્ય જેમ વિના નિમંત્રણ દરેકના ઘરમાં પહોંચી જાય છે તેમ સજ્જન વગર કહ્યે અન્યને સહાયભૂત થાય છે - ચાણક્ય
- વિદ્યા, શરીરનું ભૂષણ છે - પંચતંત્ર
- પાપ અધર્મનું મૂળ છે, કપટનું મૂળ લોભ છે - વેદવ્યાસ
- ભલાઇ કરવી એ માનવનું ઉત્તમ કર્તવ્ય છે - સોસેલિસ
- પ્રશંસા અજ્ઞાનની પુત્રી છે - ફ્રેંકલીન

બોધકથા

સુખ-દુ:ખ, સ્વર્ગ-નર્ક બધું જ આપણાં સ્વભાવ અને મનની પરિસ્થિતિ પર આધારિત છે એ કંઇ બહારથી આવતું નથી કે એને કોઇ બીજી વ્યક્તિ કે ધર્મ-પાપ-પુણ્ય આપતાં નથી તમે ધારો તો જાતે જ તમારી આસપાસ સ્વર્ગ અને નરક ઊભાં કરી શકો...

ચીનના સુપ્રસિદ્ધ તત્ત્વજ્ઞાની નાનૂસીજી પાસે સેનાનો સેનાપતિ દર્શનાર્થે ગયો. અને સંતને પૂછ્યું. સ્વામી સ્વર્ગ અને નરક ક્યાં આવેલાં છે?

નાનૂસીજી એ આડવાત નાખતાં પૂછ્યું, તમે તમારી કમર પર આ શું બાંધ્યું છે?

સેનાપતિ કહે, દેખાતું નથી? તલવાર છે..

સંત કહે, સાચી છે કે શોભાની?

સેનાપતિના સ્વભાવે અને આંખે લાલાસ પકડી.

જરા કડક અવાજે કહ્યું, સાચી જ હોય ને?

સંત કહે, બુઠ્ઠી છે કે ધારદાર?

હવે સેનાપતિનો ગુસ્સો સીમા ઓળંગી ગયો. અને કહ્યું જો તમારી ડોક પર ચલાવું તો હમણાં જ ઘડથી માથું અલગ થઇ જાય!

નાનૂસીજી બોલ્યા, જુઓ શાંત વાતાવરણમાં આપણે 'નરક' ઊભું કરી દીધું ને?

- સેનાપતિને સંતના આવા પ્રશ્નોની હવે સમજ પડી અને આંખોમાં અશ્રુ સાથે ક્ષમા માગી. સંતે એમને ઉઠાવી છાતીએ લગાડ્યા અને કહ્યું જુઓ હવે તમને અહીં જ 'સ્વર્ગ' દેખાય છે ને?!

પવિત્ર પ્રેમની પરાકાષ્ઠા અને ભક્તિની અવિરત ધારા - રાધા

'સત્ય' શબ્દનું ઉચ્ચારણ થાય કે શ્રવણ થાય, સત્ય શબ્દ વાંચવામાં આવે કે તેની વાત થાય એટલે એક વાત નિશ્ચિત છે કે તુરત જ સત્યવાદી રાજા હરિશ્ચંદ્રનું સ્મરણ થાય. બસ કંઇક આ જ સંદર્ભમાં 'અહિંસા' સાથે મહાવીર સ્વામી, 'કરૂણા' સાથે ભગવાન બુધ્ધ, 'ક્ષમા' સાથે પ્રભુ ઇસુ ખ્રિસ્ત, 'અપરિગ્રહ' સાથે મહંમદ પયંગબર સાહેબ, 'મર્યાદા' સાથે મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામચંદ્ર ભગવાનનું સ્મરણ જે રીતે સૌને એક સાથે થાય જ તે રીતે 'પ્રેમ અને ભક્તિ' ના યુગ્મ શબ્દની વાત આવે તો 'રાધા કૃષ્ણ' નો કોઇ જ વિકલ્પ નથી.

સૂર્ય કિરણને સૂર્યથી અલગ ન કરી શકાય. પુષ્પ અને સુવાસને છૂંટા ન પાડી શકાય, આંખને દૃષ્ટિથી અલગ ન કરી શકાય, મધમાંથી મીઠાશ જુદી કરી લઘેળીમાં કોઇને બતાવી ના શકાય, મેઘધનુષના સાત સંગોમાંથી કોઇની તાકાક છે કે કોઇ એક રંગો છૂટો પાડી શકાય! જે સરિતા સાગરમાં ભળી ગઇ પછી એ સરિતાને જેમ કોઇ પણ રીતે અલગ તારવી બતાવી શકવાનું અશક્ય છે એ જ રીતે રાધાને કૃષ્ણથી કે કૃષ્ણથી રાધાને ક્યારેય અલગ કરી શકાય નહિ.

રાધા જો આત્મા છે તો કૃષ્ણ પરમાત્મા છે, રાધા ભક્ત છે તો કૃષ્ણ ભગવાન છે, રાધા ફૂલ છે તો કૃષ્ણ ફોરમ છે, રાધા દર્પણ છે તો કૃષ્ણ પ્રતિબિંબ છે. રાધા વીમા છે તો કૃષ્ણ સંગીત છે, કૃષ્ણ કવિ છે, રાધા કવિતા છે, કૃષ્ણ પુરૂષ છે, રાધા પ્રકૃતિ છે, કૃષ્ણ પ્રેમના પર્યાય છે તો રાધા પ્રેમની પરાકાષ્ટા છે, એટલે જ આઠ આઠ પટરાણીઓ હોવા છતાં પણ કોઇ પટરાણીનું નામ કૃષ્ણનામ આગળ લખવા કે બોલવાનું સૌભાગ્ય પ્રાપ્ત નથી કરી શક્યું અને જે કૃષ્ણની અખંડ સૌભાગ્ય પ્રાપ્ત નથી કરી શક્યું અને જે કૃષ્ણની અખંડ સૌભાગ્યવતી ન હોવા છતાં કૃષ્ણની આગળ સ્થાન પ્રાપ્ત કરવાનું એ રાધાને પ્રાપ્ત થયું છે બિન રાધે શ્રીકૃષ્ણ આધે.

રાધા શબ્દ મૂળે તો સંસ્કૃત ધાતુ : રાધ્ ઉપરથી આવ્યો છે જેનો શબ્દાર્થ છે : આનંદ આપવો. અત્રે યાદ રહે કે આનંદ શબ્દનો કોઇ વિરોધી શબ્દ જ નથી. આનંદ એટલે આનંદ. વિશ્વમાં હિમાલય એક જ છે હવે હિમાલયની ઉપમા આપવી હોય તો કઇ ઉપમા આવી શકાય? ઉપમા માટે હિમાલયથી ચડિયાતું તો કંઇ હોવું તો જોઇએ! જે નથી માટે ફરજિયાત અનન્વય સમાસ જ મદદે આવે. ફરજિયાત કહેવું જ પડશે કે હિમાલય એટલે હિમાલય! રાધા એટલે રાધા. શ્રીકૃષ્ણને રાધાએ જેવો અને જેટલો, જયારે અને જે રીતે પ્રેમ કર્યો છે એવો અને એટલો, ત્યારે બધે જ બોલી ઊઠીએ છીએ કે : રાધેકૃષ્ણ, રાધેકૃષ્ણ!!!

આકાશમાંથી સૂર્ય અને ચંદ્રને કાઢી લો પછી શું બચે? આ ધરતી ઉપરથી વનસ્પતિ નામે કાઢી લો પછી શું બને? ભારતીય સંસ્કૃતિમાંથી વેદ - ઉપનિષદ - રામાયણ અને મહાભારત કાઢી લો, બાકાત કરો તો શું બાકી રહે? મનુષ્ય માત્રમાંથી એક મન કાઢી લો પછી શું બાકી રહે? બસ, કંઇક આ રીતે હિંદુ ધર્મ કે વૈષ્ણવ સંપ્રદાયમાંથી થોડીક ક્ષણો માટે માત્ર રાધાકૃષ્ણની બાદબાકી કરી જુઓ, રાધાકૃષ્ણ તો આપણા અધ્યાત્મની આધારશીલા છે, ધર્મની ધરી છે, મનનો મોભ છે, મોક્ષનો માર્ગ છે, બધાનો બેલી છે, ટલે જ આ પંક્તિઓ ટાંકવાની લાલચ થઇ જાય છે.

ગૃહે રાધા, વને રાધા, રાધિકા ભોજને ગતૌ;
રાત્રૌ રાધા, દિવા રાધા રાધૈવારાધ્યતે મયા.

અત્ર, તત્ર, સર્વત્ર જેવું અસ્તિત્વ છે તે કૃષ્ણ અને ગોકુળમાં, વૃંદાવનમાં, વાંસળીમં જેનું નામ એ કાનુડો વહેતું મૂકે એનું નામ રાધા છે.

નારદજીને એક વખત અભિમાન થયું કે મારા જેવી ભક્તિ તો કોઇ કરી ના શકે. પ્રભુને આની ખબર પડી ગઇ. નારદજીને આવતા જોયા એટલે શ્રીકૃષ્ણે એમની લીલા શરૂ કરી દીધી. એક હાથ લમણા ઉપર અને એક હાથ પેટ ઉપર; ઉહ્કારા શરૂ, નારદ આવ્યા. પ્રભુ શું વાત છે? નારદ, શું વાત કરું! પેટમાં દુ:ખાવો ઉપડ્યો છે પ્રભુ! કઇ ઉપાય? ઉપાય છે ને નારદ. કોઇ પોતાના પગ ધોઇ ચરણામૃત આપે તો મટે. નારદ તો મુંઝાયા. ઉપાય પોતાની પાસે જ હતો પણ આમ પગની ધૂળ ધોઇ આ ભગવાનને પીવા આપીએ તો ઘોર નકરમાં પડાય. નારદ મૌન. પ્રભુ હું પૃથ્વીલોકમાં જાઉં છું, તપાસ કરું, જો કોઇ આપે તો!!

ગોકુળ પધાર્યા, રાધાએ નારદજીને આવવાનું કારણ પૂછ્યું. બધી વિગતે વાત કરી. ઓહ! ત્યારે આમ વાત છે! એમાં તે શું મોટી વાત છે! રાધાએ તત્કાલ ચરણામૃત આપ્યું. જલદી જાવ, મારા પ્રભુને રાહતની જરૂર છે. નારદે કહ્યું : રાધાજી - ઘોર નરકમાં જવું પડશે. હજુ સમય છે. વિચાર કરી લો. રાધા જેનું નામ... નારદજી સમય ના બગાડો જો મારા પ્રભુને મારા ચરણામૃતથી સારૂં થતું હોય તો આ જનમ તો શું ભવોભવ ઘોર નરકની યાતના વેઠવા તૈયાર છું. શાબાશ નારી તું નારાયણી તે આનું નામ. નારદ ગયા... ચરણામૃત આપ્યું, પ્રભુને સારૂં થઇ ગયું. એક વાત પૂછું નાદરજી - શું તમારી પાસે આ ચરણામૃત નહોતું? નારદજી શરમાઇ ગયા. અભિમાન ઓગળી ગયું. વિશ્વમાં આજે પણ ભારતીય સંસ્કૃતિ આવી 'રાધાઓ' થકી રળિયાત છે.

કબીરે કહ્યું :

કબીરા કબીરા ક્યા કરે, જાવ જમના કે તીર;
એક રાધા કે પ્રેમ મેં, બહ ગયે લાખ કબીર.

શ્રીકૃષ્ણ દ્વૈપાયન (બાદરાયણ) વેદવ્યાસ રચિત વિશ્વનું મહાકાવ્ય મહાભારત આખું કૃષ્ણમય છે. પરંતુ જાણીને આશ્ચર્ય થશે કે આખા મહાભારતમાં ક્યાંક એક પણ વખત રાધાનો ઉલ્લેખ નથી. રાધા વિષે ઘણી દંતકથાઓ પ્રચલિત છે. એક દંતકથા મુજબ ખુદ બ્રહ્માજીએ ભાંડીર વનમાં શ્રીકૃષ્ણને હાથોહાથ રાધા સોંપી હતી. એક દંતકથા મુજબ રાધા ખુદ લક્ષ્મીજીનો અવતાર હતા. રાધાજીનો સૌ પ્રથમ ઉલ્લેખ બ્રહ્મવૈર્વત પુરાણમાં થયો છે તો દેવી ભાગવત્ પુરાણમાં પણ રાધાની વિગતો મળી આવે છે.

એક મત એવો છો કે રાધાનાં લગ્ન શ્રીકૃષ્ણ સાથે થયાં હતા કેમ કે, ગર્ગ સંહિતામાં આ લગ્નનો પ્રસંગ વર્ણવેલ છે. બીજો એક મત એવો છે કે રાધાનાં લગ્ન ગોવાળ (રાયણ) સાથે જ થયાં હતાં એ માટેની એક સચોટ આધારભૂત દલીલ એવી છે કે ખુદ શ્રીકૃષ્ણ ગોકુળમાંથી મથુરા ગયા ત્યારે તેમની ઉંમર ૧૧ વર્ષ એક માસ ૨૨ દિવસની હતી અને મથુરા ગયા પછી પોતાનાં બધાં કાર્યો પતાવી દ્વારકા સીધા ગયા છે અર્થાત ગોકુળ છોડ્યા પછી ફરી ક્યારેય તે ગોકુળ પાછા ફર્યા જ નથી. આથી એવું માનવાને કારણ રહે છે કે દેવકીની કૂખે જેલમાં જન્મ ધારણ કરી તે રાત્રે જ નંદ-યશોદા ને ત્યાં ગોકુળમાં મોટા થયા ત્યારથી શ્રીકૃષ્ણ મથુરા ગયા ત્યાં સુધીની તમામે તમામ બાળલીલાઓનું સ્પષ્ટ વર્ણન પૌરાણિક ગ્રંથોમાં છે પણ ક્યાંક રાધાકૃષ્ણનાં લગ્નની વાત જ નથી. ગમે તે હોય એક વાત સાથે તો આખું જગત સમંત છે કે પ્રેમ અને ભક્તિની જે પરાકાષ્ઠા રાધાએ સ્થાપિત કરી છે એ ઊંચાઇએ કોઇ પહોંચી શક્યું નથી. રાધા એટલે પ્રેમની ધારા... ધારા એ જ રાધા.

પ્રિયકાન્ત મણિયારની આ કવિતા વાંચો એટલે રાધા શું છે તે આપોઆપ સમજાઇ જશે :

આ નભ ઝૂક્યું તે કાનજી, ને ચાંદની તે રાધા,
આ સરવર જલ તે કાનજી, ને લ્હેરી જતી તે રાધા;
આ બાગ ખીલ્યો તે કાનજી, ને પોયણી તે રાધા,
આ પરવત-શિખર કાનજી, ને કેડી ચડે તે રાધા;
આ ચાલ્યાં ચરણ તે કાનજી, ને પગલી પડે તે રાધા,
આ કેશ ગૂંથ્યા તે કાનજી, ને સેંથી પૂરી તે રાધા;
આ દીપ જલે તે કાનજી, ને આરતી તે રાધા,
આ લોચન મારાં કાનજી, ને નજરૂં તે રાધા.

રાધાનો સંક્ષિપ્ત પરિચય

નામ : રાધા
દાદા : સુરભાનુ
દાદી : પદ્માવતી
પિતા : વૃષભાનુ (જશોદાજીના સગા ભાઇ હતા)
માતા : કલાવતી (કીર્તિ)
પતિ : રાણકા (રાયણ)
જન્મ સ્થળ : ઉત્તરપ્રદેશ, ગામ - બરસાના
જન્મ સમય : ભાદરવા સુદ - આઠમ
નક્ષત્ર : જયેષ્ઠા નક્ષત્ર - ચોથું ચરણ
નામકરણ : સંસ્કૃત શબ્દ ધાતુ, રાધ્ = એટલે આનંદ આપવો
રાધાનો અર્થ : જે સતત બીજાના આનંદમાં આનંદીત રહે છે તે
રાધાના શબ્દાર્થ :

(૧) એક સમવૃત્ત વર્ણમેળ છંદનું નામ; (૨) બંગાળનું એક શહેર (૩) વિશાખા નક્ષત્ર (૪) અનુરાગ (૫) પ્રિતી (૬) પ્રેમ (૭) સ્નેહ (૮) ગોપકન્યા (૯) ભલી સ્ત્રી (૧૦) વિજય (૧૧) કર્ણની પાલક માતા (૧૨) સમૃધ્ધિ (૧૩) લક્ષ્મીજીનો અવતાર (૧૪) વર ઘેલી સ્ત્રી (૧૫) ગોવર્ધન પર્વત નજીકનું સરોવર (૧૬) વૃંદાવનમાં એ નામની આવેલી એક પીઠ

રાધાનાં ૧૬ નામ :

(૧) આરમ્યા (૨) ઇશ્વરી (૩) પૂર્ણા (૪) પરમેશ્વરી (૫) મુક્તિપ્રદા (૬) રમા (૭) રમ્યા (૮) રાધા (૯) રાધિકા (૧૦) રસેશ્વરી (૧૧) લક્ષ્મણી (૧૨) વિનાશિની (૧૩) વૃંદાવન વિહારિણી (૧૪) સત્યભામા (૧૫) સર્વ વંદના (૧૬) શ્રીકૃષ્ણ વલ્લભા

રાધા સાથે શ્રી કૃષ્ણની રાસલીલા :

રાસલીલાનું સૌ પ્રતમ વર્ણન હરિવંશ પુરાણના વિષ્ણુ પર્વના અધ્યાય નં. ૨૦ ના શ્લોક નં. ૧૫ થી ૩૫ માં જોવા મળે છે.

વિશેષ :

પુરાણોમાં ઉલ્લેખ થયા મુજબ શ્રીકૃષ્ણ કરતાં રાધાજી ૧૪ વર્ષ ઉંમરમાં મોટાં હતા.

- પી.એમ. પરમાર

વર્ષ ૨૦૧૦ દરમિયાન વિશ્વ કક્ષાએ એક ઓકટોપસ ખુબ જ પ્રચલિત થઇ ગયો, સમાચારપત્રો, મેગેઝીનો, ટેલિવિઝન ચેનલો અને લોકમુખે 'પૌલ' નામના ઓકટોપસની વાતો ચર્ચાવા લાગી હતી

વન્યસૃષ્ટિ પરિચય
બુધ્ધિશાળી ઓકટોપસ-પૌલ

- હેમંત સુથાર

કરોડરજ્જુ વાળા પ્રાણીઓમાં પ્રાઇમેટ - અગ્રિમ કૂળના ચિપાન્ઝી, અને માનવ જેવા જીવો બુધ્ધિશાળી મનાય છે અને તેના કારણે જ આજે માનવ સર્વ જીવો પર પોતાનું વર્ચસ્વ ધરાવે છે. કરોડરજ્જુ વગરના પ્રાણીઓનાં ક્ષેત્રે માહિતી અને સંશોધન પ્રમાણમાં ઘણાં ઓછા થયેલા છે. તેથી તેમની ઓળખ, ક્ષમતાઓ અને બુધ્ધિ વિષયક જાણકારીઓ પુરતાં પ્રમાણમાં ઉપલબ્ધ નથી. પરંતુ કરોડરજ્જુ વગરના જીવોમાં દરિયાઇ જીવ એવા ઓકટોપસને પ્રથમ ક્રમમાં મુકવામાં આવે છે. વિશ્વના ઘણાં બધાં વૈજ્ઞાનિકો ઓકટોપસની બુધ્ધિ, સમજશક્તિ, અને કુશળતાઓ પ્રાપ્ત કરવાની બાબતે સંશોધનો કરી રહ્યાં છે.

ઓકટોપસના મગજનું વજન બધા જ કરોડરજ્જુ વગરના જીવોની જાતિઓમાં વધુમાં વધુ મનાય છે અને તેની સરખામણી ઉભયજીવીઓ એટલે કે દેડકા, ટોડ અને માછલીઓ કરતાં પણ મોટું હોય તેવું જાણી શકાયું છે.

માથાના ભાગે મગજ ધરાવતાં ઓકટોપસને તેના આઠ પગ કે ભૂજાઓમાં ૫૦૦૦ લાખથી વધુ જાણી શકાયું છે. ૫૦૦૦ લાખથી વધુ ચેતા કોષિકાઓ છે જે સ્પર્શ તથા સ્વાદ જેવી સંવેદનાઓ ધરાવે છે. આવા પગમાં રહેલી ચેતા કોષિકાઓની મદદથી ઓકટોપસ મગજ સુધી તેના સંદેશાઓ અને આજ્ઞાયઓ મેળવવાને બદલે ઘણાં બધાં કાર્યો પગોમાં સ્થાન ધરાવે છે.

વર્ષ ૨૦૧૦ દરમિયાન વિશ્વ કક્ષાએ એક ઓકટોપસ ખુબ જ પ્રચલિત થઇ ગયો. સમાચારપત્રો, મેગેઝીનો, ટેલિવિઝન ચેનલો અને લોકમુખે 'પૌલ' નામના ઓકટોપસની વાતો ચર્ચાવા લાગી હતી. 'પૌલ' નામનો ઓકટોપસ ૨૬મી જાન્યુઆરી ૨૦૦૮માં જન્મ્યો હતો. આ ઓકટોપસ જર્મની દેશની સીલાઇફ સેન્ટર નામની સંસ્થાની માલિકીનો હતો. આ સંસ્થા દ્વારા 'પૌલ' ઓકટોપસને એક મોટો જળ પાત્રમાં / એકવોરીયમમાં લોકોને જોવા માટે પ્રદર્શન અર્થે મુકવામાં આવેલો હતો.

વર્ષ ૨૦૧૦ ની ફૂટબોલની ફીફા વર્લ્ડ કપમાં 'પૌલ' ની મદદથી ક્યા દેશની કઇ ટીમ ફૂટબોલની મેચ જીતશે તેની આગાહી કરવામાં આવી હતી. આ માટે બે જુદા જુદા બોક્સમાં ઓકટોપસનો ખોરાક દરિયાઇ છીંપલા (મસેલ) મુકવામાં આવતાં હતા. આ બે જુદા જુદા કાચના વાસણ પર જે બે ટીમો વચ્ચે ફૂટબોલ મેચ રમાવાની હોય તેના ચિન્હો રૂપે તે દેશોના ધ્વજની છાપ / નિશાની મુકાતી હતી. 'પૌલ' ઓકટોપસ ને મુક્ત કરવામાં આવે ત્યારે તે સહુપ્રથમ જે વાસણમાંથી ખોરાક લેવાનું પ્રથમ પસંદ કરે તે ટીમ ફૂટબોલ મેચમાં વિજેતા બનશે તેવી આગાહી કરવામાં આવતી હતી.

વર્ષ ૨૦૦૮ દરમિયાનની યુરો ફૂટબોલ કપ મેચોની ૬ મેચોમાંથી 'પૌલ' દ્વારા ૪ મેચોની આગાહી સાચી ઠરી હતી. જ્યારે વર્ષ ૨૦૧૦ ની ફીફા વર્લ્ડ કપની ૮ મેંચોમાંથી ૮ મેચોની આગાહી એટલે કે ૧૦૦ % સાચી આગાહીઓ 'પૌલ' દ્વારા કરવામાં આવી હતી. આ વર્લ્ડ કપ જર્મની દેશની ટીમે જીત્યો હતો. આ ગાળામાં પૌલ 'ફૂટબોલ પંડિત' નામથી પ્રસિદ્ધિ પામ્યો હતો.

બાળકોની કવિતાઓ લખતાં જર્મન કવિ બોચ લાર્શેનની એક કવિતાના આધારે આ આગાહી કરતાં ઓકટોપસનું નામ 'પૌલ' રખાયું હતું. આ ગાળામાં સ્પેનના વડાપ્રધાને પૌલને કમાન્ડો સુરક્ષા પુરી પાડવાની તૈયારી પણ બતાવી હતી. ૧૨-૭-૨૦૧૦ ના રોજ પૌલને ફૂટબોલની આગાહીઓના કામમાંથી મુક્તિ આપીને ફરીથી બાળકોના મનોરંજન માટે પ્રદર્શનમાં મુકવામાં આવ્યો હતો. બધા જ કોમન ઓકટોપસનું આયુષ્ય બે વર્ષનું જ હોય છે તે મુજબ પૌલ ૨ વર્ષ અને ૯ માસના જીવન કાળ ભોગવીને ૨૬મી ઓકટોબર ૨૦૧૦ ના રોજ મૃત્યુ પામ્યો હતો. કોઇ પુષ્ટવંશી જીવને તેના વિશિષ્ટ કાર્ય માટે આટલી પ્રસિધ્ધિ મળી હોય તેવા આ અપવાદરૂપ કિસ્સો છે. પૌલની આગાહીઓ પાછળનું કારણ ગમે તે હોય પરંતુ આવી આગાહીઓ જો કોઇ માનવી દ્વારા ધારણાઓને આધારે કરવામાં આવે તો પમ ૧૦૦ % સાચી આગાહી થઇ શકે નહીં.

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૩મી સપ્ટેમ્બર

- ૧૯૦૧માં ઇટાલીના પાટનગર રોમમાં વૈજ્ઞાનિક એનરિકો ફર્મીનો જન્મદિન. વિજભાર રહિતના કણ ન્યુટ્રોનની શોધ કરી. ૨૫ હજાર ડોલરનું માતબર ઇનામ મેળવનાર વિજ્ઞાનીનું કેન્સરના રોગમાં ૧૯૫૪માં અવસાન થયું.
- ૧૯૧૧માં સૌ પ્રથમ વિમાન સેવા અમેરિકાએ શરૂ કરી.
- ૧૯૭૧માં એન્જિનીયર

કિરણકુમારે ઇલેક્ટ્રોનિક લોકની શોધ કરી.

- ૧૮૮૭ - પુષ્ટિ સંપ્રદાયની પ્રાચીન હસ્તપ્રતોના સંશોધક મૂળચંદ તેલીવાલાનો જન્મ.
- પ્રેરણાસભર મરાઠી નાટકો આપનાર મરાઠી રંગભૂમિના ઘડવૈયા મામા વરેરકરની પુણ્યતિથિ - ૧૯૬૪.
- ૧૮૭૫માં અમદાવાદ, સાબરમતી નદીમાં અભૂતપૂર્વ રેલ આવી ખૂબ જ નુકશાન થયું.

પોલીસ અધિકારી દ્વારા ધરપકડની સત્તા અને જામીનગીરીની સમજૂતી

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

ધરપકડ શબ્દથી જ વ્યક્તિ સામાન્ય રીતે ડર અનુભવતો હોય છે. જયારે સમાજમાં ગુનો બને છે. ત્યારે આરોપીની ધરપકડ કરવી જરૂરી બને છે આ માટે પોલીસ અધિકારીને વિશાળ સત્તાઓ આપવામાં આવેલ છે. સાથે સાથે નિયમો, કલમો દ્વારા નિયંત્રણો પણ મુકવામાં આવ્યા છે. "સો ગુનેગાર ભલે છૂટી જાય, પરંતુ એક નિર્દોષ ને સજા ના થવી જોઇએ." તેવા સામાન્ય વ્યવહારૂ, નિયમોના કારણે નિર્દોષ વ્યક્તિની ધરપકડ પૂરતા પુરાવા મેળવ્યા સિવાય કરવી એ ગેરકાયદેસર અટકાયત ગણવામાં આવે છે.

કોઇ પણ વ્યક્તિ ઉપર અમુક ગુનો કરેલ છે તેવો આરોપ મુકે તે તેવી સ્વતંત્ર ઉપર અંકુશ મુકવો તેને ધરપકડ કહેવાય.

કોઇ પણ વ્યક્તિની જામીનપાત્ર અથવા બિનજામીનપાત્ર ગુનાની ફરિયાદ આવેલ હોય તો ગુનાનાં સંદર્ભમાં નામદાર કોર્ટમાં હાજર કરવા ( ) અગર ફરિયાદ આધીન ધરપકડ થઇ શકે છે. આરોપી જામીનપાત્ર ગુનો કરશે તેવા આશયથી ધરપકડ થઇ શકે નહીં.

ધરપકડ માત્ર ના. મેજીસ્ટ્રેટના હુકમથી, પોલીસ અધિકારીના હુકમથી તથા મિલેટરી અધિકારીના હુકમથી જ થઇ શકે, આ માટે ધરપકડ વોરંટ બજાવવું ફરજિયાત છે.

જે વ્યક્તિની ધરપકડ થયા પછી ચોવીસ કલાકમાં જો તેના સાચા નામ સરનામાની માહિતી ના મળે અથવા તો બોન્ડ ના આપે કે જામીન ના આપે તો તેવી વ્યક્તિને હૂકમત ધરાવતી નજીકની કોર્ટમાં મેજીસ્ટ્રેટ પાસે લઇ જવામાં આવે છે. કલમ-૪૨ મુજબ નામદાર કોર્ટ પગલાં લઇ યોગ્ય કરે છે.

કોઇ એક્ઝિક્યૂટીવ અને જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટની સ્થાનિક હદમાં જો તેમની હાજરીમાં કોઇ ગુનો થયો હોય ત્યારે મેજીસ્ટ્રેટ પોતે કલમ-૪૪ મુજબ ગુનેગારની ધરપકડ કરી શકે છે.

જો મેજીસ્ટ્રેટ ધરપકડ કરાવે તો તે મેજીસ્ટ્રેટ તેને રિમાન્ડ ઉપર સોંપી શકે નહીં, આરોપીને બીજા મેજીસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવો પડે.

કલમ-૪૫ મુજબ લશ્કરી દળના સભ્યોને ધરપકડમાંથી રક્ષણ આપવામાં આવેલ છે. ફરજ દરમિયાન લશ્કરી દળનાં સભ્યે કોઇ કૃત્ય કરેલ હોય તો કેન્દ્રની પરવાનગી લઇ ધરપકડ કરવામાં આવે છે.

મિલીટરી અધિકારીઓ ક્રિપ્રો. કોડ કલમ ૧૩૦ - ૧૩૧ હેઠળ ગિરફતારી કરવાની સત્તા ધરાવે છે. જયારે ગેરકાયદેસરની મંડળી રચી તેના દ્વારા સુલેહશાંતિ ભંગ થતો હોય તો તેનો ભંગ કરનાર વ્યક્તિની મિલીટરી અધિકારી ધરપકડ કરી શકે છે.

ધરપકડ કરનાર વ્યક્તિએ કાયદેસર કારણ વોરંટ, બતાવી ધરપકડ કરવાની જોગવાઇ છે. ઘરની અંદર અથવા બહારસંતાયો હોય તો તે જગ્યાની તમામ કાયદેસરનો અધિકાર ધરાવનાર અધિકારી જ ધરપકડ કરી શકે છે. ઘરમાં પ્રવેશતા પહેલાં ઘરનાં મુખ્ય માણસની સહમતિ મેળવવી જોઇએ. સહમતિ મેળવ્યા બાદ આરોપીને ઓળખીને જ ધરપકડ થાય. જો ધરપકડ કરતા પ્રતિકાત્મક સામનો કરવામાં આવે તો બળપ્રયોગ વાપરી દરવાજો તોડી, જગ્યામાં પ્રવેશ કરી શકે છે. જગ્યામાં પ્રવેશતા બુર્ખાધારી, પરદાનશીન, ઔરતને અન્ય જગ્યાએ ખસી જવા સમય આપવો જોઇએ. ધરપકડ કરેલ વ્યક્તિને અંકુશમાં લેવો જોઇએ. જેથી નાશી ભાગી ના જાય ધરપકડ કરનારને જામીન ઉપર છૂટવા માટે જામીનદારની વ્યવસ્થા કરવા જણાવું પડે છે.

ધરપકડ સમયે ગુનામાં વપરાયેલ શસ્ત્રો, અસ્ત્રો, સાધન સામગ્રી પોલીસ અધિકારી જપ્ત કરી શકે છે.

ધરપકડ બાદ ચોવીસ કલાસની અંદર વહેલી તકે નજીકના મેજીસ્ટ્રેટની રૂબરૂમાં રજૂ કરવો જોઇએ.

(અનુસંધાન પાના નં. ૬ પર)